

મનમોહનસિંહે ઉત્તર-પૂર્વીય પ્રજાજનોને સુરક્ષાની ખાતરી આપી છે... જો તેઓ મોંઘવારીમાંથી બચી જાય તો...!

## આજે ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની કરાટે ટુર્નામેન્ટ

### સ્કૂલ ઑફ ઍચિવરના કુડાસણ કૅમ્પસ ખાતે રાજ્યના ૧૦ જિલ્લાઓમાં આવતા ૩૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૮

આવતીકાલે ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની કરાટે ટુર્નામેન્ટ યોજાઈ રહી છે, જેમાં રાજ્યના ૩૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા જીત કુન ડો ઍસોસિએશન દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની આ ટુર્નામેન્ટ સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણ ખાતે યોજાઈ રહી છે. ઍસોસિએશનના મંત્રી પ્રજ્ઞેશ મેસરિયાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે, સવારના ૯ કલાકથી આરંભાઈ રહેલી આ એક દિવસીય ટુર્નામેન્ટમાં રાજ્યના ૧૦ જિલ્લાઓના ૩૦૦થી વધુ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. સાંજે પાંચ કલાકે આ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાશે, જે અંતર્ગત ટુર્નામેન્ટમાં ભાગ લેનારા દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર તથા વિજેતા સ્પર્ધકોને મૅડલ્સ ઍનાયત કરવામાં આવશે એમ જણાવી તેમણે આ ટુર્નામેન્ટ નિહાળવા અને ખેલાડીઓનો ઉત્સાહ વધારવા ગાંધીનગર શહેર અને જિલ્લાના સૌકોઈ ખેલપ્રેમી નાગરિકોને નિમંત્રણ પાઠવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓની ચેસ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકના અધિકારી, કર્મચારીઓની ગાંધીનગર જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે ચેસ સ્પર્ધા યોજાઈ હતી. ટુર્નામેન્ટમાં તમામ સ્પર્ધકે ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટમાં ખૂબજ રોમાંચક પાંચ રાઉન્ડની સ્પર્ધાને અંતે સ્પર્ધાના ૫ માંથી ૫ પોઈન્ટ મેળવી જિલ્લા પંચાયત પ્રમુખ કાર્યાલયના ગુજરાતી સ્ટેનોગ્રાફર એન.જે. સાતુનિયા ચેમ્પિયન થયા હતા. જ્યારે કંથારપુરા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક શૈલેષ એસ. પ્રજાપતિ દ્વિતીય અને ખેતીવાડી શાખાના સીનીયર કલાર્ક એચ.એન. વ્યાસ તૃતીય ક્રમે રહ્યા હતા. ટૂર્નામેન્ટના વિજેતાઓને ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્યદિનના દિવસે ચેમ્પિયને રૂ. ૪ હજાર, રનર્સ અપને રૂ. ૨ હજાર તથા ત્રીજા નંબરને રૂ. ૧ હજાર રોકડ ઈનામ ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મંગીબેન દિલીપભાઈ પટેલના હસ્તે આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નહેરૂ યુવા કેન્દ્ર તરફથી પાર્ટીશીપેટ તમામ ખેલાડીઓને ઈન્ટર નેશનલ ચેસ સેટ આપવામાં આવ્યા હતા.

ટૂર્નામેન્ટમાં શ્રી પંકજ પંચોલી (નેશનલ આર્બીટર) સુરેન્દ્રનગરે આર્બીટર તરીકે સેવાઓ આપી હતી. જ્યારે સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન એન.જે. સાતુનિયાએ સંભાળ્યું હતું.

## ૨૧મીથી સંસ્કૃત સંભાષણ વર્ગો

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય શિક્ષણ મંડળ, ગાંધીનગર અને સરકારી જિલ્લા પુસ્તકાલય સે. ૨૧ના સંયુક્ત ઉપક્રમે આયોજિત દસ દિવસીય સંસ્કૃત સંભાષણ વર્ગોનું આયોજન પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું છે. પ્રસ્તુત વર્ગોનો સમારોહ-કાર્યક્રમ રામકૃષ્ણ મિશન ગાંધીનગરના સંયોજક રજનીભાઈ ભટ્ટના અધ્યક્ષ પદે સે. ૨૧ની લાયબ્રેરીમાં તા. ૨૧ ઓગષ્ટ-૨૦૧૨ને મંગળવારે સાંજે ૪થી ૬ કલાકે યોજવામાં આવ્યો છે. છાત્રો વિવિધ કાર્યક્રમો સંસ્કૃત ભાષામાં રજૂ કરશે. વિશેષ સ્વામી વિવેકાનંદના શિકાગો વિશ્વ ધર્મ પરિષદના વ્યાખ્યાનનું પ્રસારણ સંસ્કૃત ભાષામાં કરવામાં આવશે. રસ ધરાવતા ગાંધીનગરના સૌ નગરજનોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ચેસ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વૈદિક મહાસભાનાં સહયોગથી ત્રણ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત સેક્ટર-૩૦માં આવેલ શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે સ્મરણશક્તિ તથા સમજણશક્તિ વધારવાના વૈદિક ઉપાયો અંગેનાં આ વર્કશોપનું સંચાલન વૈદિક મહાસભાનાં મહામંત્રી તથા રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણાએ કર્યું હતું. ગત ૧૪મી ઓગષ્ટનાં રોજ આ વર્કશોપનો સમાપન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં રોટરી ક્લબનાં પ્રમુખ શ્રી પી. એન. શર્મા, લબ્ધપ્રતિષ્ઠિત રોટેરીયન શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ તથા પૂર્વ આસી. ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રીમતી અમીબહેન શાહ, રોટે. શ્રી મનોજભાઈ સરૈયા, વૈદિક મહાસભાનાં ગાંધીનગરનાં પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, ડૉ. ચંદ્રકાન્તભાઈ અંબવાણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને પ્રાચીન વૈજ્ઞાનિક પદ્ધતિથી કેવી રીતે ભણવું તેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. વિદ્યા પ્રાપ્તિની પ્રક્રિયા અંતર્ગત વર્ગખંડમાં અભ્યાસ કરવાની રીત, સમયનું સમાયોજન કરવાની રીત, પુનરાવર્તન ક્યારે અને કેવી રીતે કરવું, દરરોજ આત્મનિરીક્ષણ દ્વારા પોતાની પ્રગતિનું અવલોકન કરવાની રીત તથા પોતાના દોષોને દૂર કરવાની પદ્ધતિ, અભ્યાસમાં મન ન લાગતું હોય તો કેવી રીતે મનને નિયંત્રણમાં લાવવું જેવા અનેક વિષયો ઉપર મહત્વપૂર્ણ જાણકારી આપી વિદ્યાર્થીઓને પ્રાણાયામનું મહત્વ સમજાવી દરરોજ પ્રાણાયામ કરવા પ્રેરણા આપી હતી.

આ વર્કશોપના પ્રારંભમાં શાળાના પ્રાચાર્ય અને રોટરી ક્લબનાં પૂર્વપ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. શ્રી યુવરાજસિંહે કહ્યું હતું કે છેલ્લા સાત વર્ષોથી દર વર્ષે રોટરી ક્લબ દ્વારા આ પ્રકારનો વર્કશોપ તદ્દન નિઃશુલ્કરૂપે યોજાય છે અને તેને કારણે વિદ્યાર્થીઓને ખૂબ લાભ થઈ રહ્યો છે. કાર્યક્રમના અંતમાં રોટરી ક્લબનાં પ્રમુખ શ્રી પી. એન. શર્માએ આ વર્કશોપનાં વ્યક્તિત્વ વિકાસ માટે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ ત્રણ પ્રકારની ઉન્નતિને આવરી લેતી જીવનમાં અત્યંત ઉપયોગી જાણકારી આપવા બદલ વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણાનો વિશેષ આભાર માની આવા કાર્યક્રમો સતત થતા રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને વર્કશોપ દરમ્યાન આપવામાં આવેલ તમામ મહત્વપૂર્ણ બિન્દુઓ ઉપર વિશેષ ચિંતન કરી તેને જીવનમાં ઉતારવા પ્રેરણા આપી હતી. વૈદિક મહાસભાનાં મહામંત્રી શ્રી મહેન્દ્રભાઈ ગાધીએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને જીવનમાં કોઈ વિશેષ કાર્ય કરવા પ્રેરણા આપી હતી. રોટે. શ્રી મહેન્દ્રભાઈ ભાવસારે વિદ્યાર્થીઓને જીવનમાં પરિવર્તન કરવાની આવી તક ન ગુમાવવા પ્રેરણા આપી વર્કશોપમાં મેળવેલ જ્ઞાનને આચરણમાં લાવવા સંકલ્પો લેવડાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક શ્રી નરેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સ્મરણશક્તિ વધારવાના વૈદિક ઉપાયોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે તાજેતરમાં સ્મરણશક્તિ વધારવાના વૈદિક ઉપાયોનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને સાંકળી પ્રાચીન વૈજ્ઞાનિક પદ્ધતિથી કેવી રીતે સ્મરણશક્તિ વધારી શકાય અને વિદ્યા પ્રાપ્ત કરી શકાય તેનું સુંદર નિદર્શન કરવામાં આવ્યું હતું.

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વૈદિક મહાસભાનાં સહયોગથી ત્રણ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત સે. ૩૦માં આવેલી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે સ્મરણશક્તિ તથા સમજણશક્તિ વધારવાના વૈદિક ઉપાયો અંગેનાં આ વર્કશોપનું સંચાલન વૈદિક મહાસભાનાં મહામંત્રી તથા રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ રાણાએ કર્યુ હતુ. ગત ૧૪મી ઓગષ્ટનાં રોજ આ વર્કશોપનો સમાપન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં રોટરી ક્લબનાં પ્રમુખ પી.એન. શર્મા, લબ્ધપ્રતિષ્ઠિત રોટેરીયન મહેન્દ્રભાઈ ભાવસાર, પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘએલા, પૂર્વ પારમુખ તથઆ પૂર્વ આસી. ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રીમતી અમીબહેન શાહ, રોટે. મનોજભાઈ સરૈયા, વૈદિક મહાસભાનાં ગાંધીનગરનાં પ્રભારી મહેન્દ્રભાઈ ગાંધી, ડૉ. અંબવાણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપના પ્રારંભમાં શાળાના પ્રાચાર્ય અને રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. યુવરાજસિંહે કહ્યું હતું કે છેલ્લા સાત વર્ષોથી દર વર્ષે રોટરી ક્લબ દ્વારા આ પ્રકારનો વર્કશોપ તદ્દન નિઃશુલ્કરૂપે યોજાય છે અને તેને કારણે વિદ્યાર્થીઓને ખુબ લાભ થઈ રહ્યો છે. કાર્યક્રમના અંતમાં રોટરી ક્લબનાં પ્રમુખ પી.એન. શર્માએ આ વર્કશોપનાં વ્યક્તિત્વ વિકાસ માટે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ ત્રણ પ્રકારની ઉન્નતિને આવરી લેતી જીવનમાં અત્યંત ઉપયોગી જાણકારી આપવા બદલ વિષય નિષ્ણાત અરવિંદભાઈ રાણાનો વિશેષ આભાર માની આવા કાર્યક્રમો સતત થતા રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને વર્કશોપ દરમ્યાન આપવામાં આવેલ તમામ મહત્વપૂર્ણ બિન્દુઓ ઉપર વિશેષ ચિંતન કરી તેને જીવનમાં ઉતારવા પ્રેરણા આપી હતી. વૈદિક મહાસભાનાં મહામંત્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને જીવનમાં કોઈ વિશેષ કાર્ય કરવા પ્રેરણા આપી હતી. રોટે. મહેન્દ્રભાઈ ભાવસારે વિદ્યાર્થીઓને જીવનમાં પરિવર્તન કરવાની આવી તક ન ગુમાવવા પ્રેરણા આપી વર્કશોપમાં મેળવેલ જ્ઞાનને આચરણમાં લાવવા સંકલ્પો લેવડાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંફળ સંચાલન શાળાના શિક્ષક નરેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જે.બી. પ્રાથમિક વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

જે.બી. પ્રાથમિક વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દેશભક્તિ ગાન, વકતવ્યો રજૂ કરેલ હતા. વિદ્યાર્થીઓએ ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, દેશભક્તોની માહિતી દર્શાવી હતી. આઝાદી પર્વના ગીતોનું ગાન કરેલું હતું. શિક્ષક અલકાબેને સંચાલન કર્યુ હતું. વાઘેલા હિરેન, પટેલ મિલવ, નિનામા રાજ, પટેલ પૂજન, ભાટી આકાશે ભાલ લીધો હતો.

## રવિવારની રમૂજ

અમેરિકન : અમારા દેશમાં બે જાતના રોડ હોય છે : નેશનલ અને ઈન્ટરનેશનલ.
સંતા : અમારા દેશમાં પણ બે જાતના રોડ હોય છે : અન્ડર કન્સ્ટ્રકશન અને ટેક ડાઈવર્ઝન.

★ ★ ★ ★ ★

વજન ઘટાડવા માટે એક સચોટ કસરત છે : પહેલાં તમારું માથું ડાબી તરફ હલાવો, પછી જમણી તરફ હલાવો. આવું બે વાર કરવાનું છે.
આવું કરવાથી શું વજન ઘટી જાય ?
હા, જ્યારે તમને ખાવાનું કહેવામાં આવે ત્યારે તમારે આ કસરત કરવાની છે !

★ ★ ★ ★ ★

પતિના અવસાન બાદ બેસણું પૂર્ણ થયા પછી પત્નીએ અખબારમાં જાહેરખબર આપી : મારા પતિના અવસાન બાદ મને સધિયારો આપવા બદલ અને બેસણામાં આવીને મને હિંમત આપવા બદલ હું આપ સૌની ઋણી છું.... લિ. રશ્મિ (ઉંમર ૨૭, ઊંચાઈ ૫-૯, વજન ૫૫, રંગ ગોરો, બાળકો નથી).

★ ★ ★ ★ ★

સંતાના બોસની કેબિનમાં જે અરીસો હતો તે ખરાબ થઈ ગયો હતો. એટલે બોસે આજ્ઞા કરી, 'સન્તા, જાઓ જાકર ઐસા આઈના લેકર આઓ જિસમેં મેરી શકલ દિખાઈ દે.'
સંતા ગયો ને ચારેક કલાક ફરીને પાછો આવ્યો. કહે : બૉસ, સારા બાઝાર છાન મારા, મગર સભી આઈનોં મેં મેરી હી શકલ દિખાઈ દેતી હૈ.

★ ★ ★ ★ ★

સ્કૂલમાં આગ લાગી. પણ આગ રવિવારે લાગી હતી એટલે કોઈ જાનહાનિ ન થઈ. જોકે, બધાં બાળકો ખુશ હતા કે હવે થોડા દિવસ સ્કૂલે નહીં જવું પડે. પણ એક છોકરો ઉદાસ હતો. સૌએ એને કારણ પૂછ્યું તો એણે કહ્યું, 'સ્કૂલ સળગી ગઈ, સર તો જીવતા છે ને !'

★ ★ ★ ★ ★

અર્થશાસ્ત્રના શિક્ષકે પૂછ્યું, 'આયાત અને નિકાસનું ઉદાહરણ આપો.'
વિદ્યાર્થીએ જવાબ આપ્યો, 'સોનિયા અને સાનિયા.'

★ ★ ★ ★ ★

કાકા અને કાકી પરદેશ જઈ રહ્યા હતા. એરપોર્ટ પર પહોંચતાં જ કાકી ભડકીને બોલ્યા, 'આપણે ફ્રીજ જોડે લઈ લીધું હોત તો સારું હતું.'
કાકાએ પૂછ્યું, 'ફ્રિજ કેમ ?'
કાકીએ કહ્યું, 'પ્લેનની ટિકીટો ફ્રિજ ઉપર જ રહી ગઈ છે.'

★ ★ ★ ★ ★

સંતા, બંતા અને ખુશવંતા એક બાઈક ઉપર સવારી કરી રહ્યા હતા. ટ્રાફિક પોલીસે અટકાવી કહ્યું, 'ટુ વ્હીલર પે તીન સવારી જાના મના હૈ.'
સંતાએ તરત જવાબ આપ્યો, 'પતા હૈ. ઈસલીયે તો તીસરે કો ઘર છોડને જા રહે હૈં.'

★ ★ ★ ★ ★

કૉલેજના ક્લાસરૂમ અને ટ્રેનના કંપાર્ટમેન્ટ વચ્ચે શું સામ્યતા છે ?
પહેલી બે બેન્ચ 'રિઝર્વ્ડ' હોય છે, વચ્ચેની સાતેક 'જનરલ' હોય છે અને છેલ્લી બે વીઆઈપી માટે 'સ્લીપર' હોય છે.

★ ★ ★ ★ ★

સંતા એક્ઝામ આપવા ગયો, એણે એક્ઝામીનરને પૂછ્યું, સર આન્સરશીટ કે પહેલે પન્ને પર ક્યા લિખું ?
એક્ઝામીનરે કહ્યું, લિખો - ઈસ આન્સરશીટ કે સારે જવાબ કાલ્પનિક હૈ. ઈનકા કિસી ભી પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તક યા સિલેબસ સે કોઈ સંબંધ નહીં હૈ. ઔર યદી હૈ તો વો સિર્ફ એક ઈત્તેફાક હૈ.

★ ★ ★ ★ ★

શિક્ષકે પૂછ્યું, એક ખેતર ખેડતાં બે માણસોને બે દિવસ લાગે તો એ જ ખેતર ખેડતાં આઠ માણસોને કેટલો સમય લાગે ?
વિદ્યાર્થીએ કહ્યું, સર પહેલાં એ કહો કે ખેડેલું ખેતર ખેડનારા એ મૂર્ખાઓ છે કોણ ?

★ ★ ★ ★ ★

સંતા અને બંતા ચેસ રમતા હતા.
સંતાએ કહ્યું, 'અબ બસ, બહુત હુઆ. અબ ખેલ બંધ કરતે હૈં.'
બંતાએ કહ્યું, 'ઠીક હૈ. વૈસે ભી તુમ્હારા ઘોડા ઔર મેરા હાથી હી બચા હૈ.'

★ ★ ★ ★ ★

સસલો અને કાચબો ૧૨મા ધોરણની પરીક્ષામાં બેઠા. સસલાને ૭૫ ટકા આવ્યા અને કાચબાને માત્ર ૫૦. તેમ છતાં કાચબાને કૉલેજમાં ઍડમિશન મળી ગયું.
કેમ ?
સ્પૉર્ટ્સ ક્વોટા ! એ નાનો હતો ત્યારે રેસ જિત્યો હતો ને !

# વ્યક્તિ જગતનો ઈતિહાસ જાણે છે પરંતુ તેને પોતાના જીવનના ઈતિહાસની ખબર નથી

## તમે વાસી પુણ્યનો ઉપયોગ કરી રહ્યા છો, એક દિવસ તમને સળગાવી દેશે અને તમારી ધૂળ રસ્તે રઝળશે

અનંત ઉપકારી, પરમ કરુણાકર પરમાત્માએ તેમની દેશનામાં વર્તમાન જીવોના ઈતિહાસનો સુંદર પરિચય આપ્યો છે. વ્યક્તિ અનેક જગતનો ઈતિહાસ જાણે છે, વાંચે છે, પરંતુ તેને પોતાના જીવનના ઈતિહાસની ખબર નથી. તમારી જીવન યાત્રા ક્યાંથી શરૂ થઈ, ઘણો બધો સમય વ્યતીત થઈ ગયો છતાં હજુ પૂર્ણવિરામ મળ્યું નથી તે અંગે કદિ વિચાર કર્યો છે ખરો ? આપણા જીવનની અંદર જેટલી પણ ધર્મસાધના છે તે બધી આત્માની પૂર્ણતા અને યાત્રાને પૂર્ણ વિરામ પ્રાપ્ત કરવા માટે છે તેમ ભગવાન મહાવીરે કહ્યું છે. ભગવાનને કહો કે મને કોઈ ઈચ્છા નથી કે કોઈ કામના નથી, માત્ર પૂર્ણવિરામ પ્રાપ્ત કરવું છે કે જેથી ભવભ્રમણ બંધ થઈ જાય. કોઈ એવી જાતિ કે કુળ નથી કે જેની સાથે આપણે અનંતવાર સંબંધ કાયમ ન કર્યો હોય. આકાશનો કોઈ એવો ભાગ નથી કે જ્યાં જીવે જન્મ લીધો ન હોય. સ્હેજ ઊંડાણથી અને ગંભીરતાથી વિચારો. જ્યાં તમે બેઠા છો, ત્યાં કંઈક મડદા બળ્યા હશે. તમે મડદા ઉપર બેઠા છો. એક દિવસ એવો આવશે કે લોકો તમારા મડદા ઉપર બેસશે. તમે પણ એક દિવસ જવાના છો. પણ એ નક્કી કરો કે ક્યાં જવું છે ? તમારી રોજ એવી મંગળ ભાવના હોય છે પણ તમારી પ્રાર્થનામાં પ્રાણ નથી હોતો. તમારી પ્રાર્થના બીમાર છે. એમાં સંસારની કામના હોય છે. તેથી એ પૂર્ણ બનતી નથી. જીવનની બધી ધર્મક્રિયા યાત્રાના પૂર્ણવિરામ માટે છે. ચર્મચક્ષુથી નથી દેખાતું એવી જીવ યોનિમાં આપણે જઈ આવ્યા છીએ. આવા સંજોગોમાં અનંતા કાળ પછી એમાંથી બહાર આવ્યા છીએ અને પર્યાપ્તિ પ્રાપ્ત કરી છે. આહાર, શરીર, ઈન્દ્રિય, અલગ અલગ યોનિ વગેરે પર્યાપ્તિ મળતી ગઈ. હવે પંચેન્દ્રિયપણું મળ્યું છે. નિગોદ અવસ્થામાં હતા ત્યાંથી ઘણા દુખો વેઠીને અહીં માનવભવ સુધી આવ્યા છીએ. મહાપુણ્યોદયે આ માનવભવ મળ્યો છે તો સ્વયંને જાણવાનો પ્રયત્ન કરો. ભગવાનની વાણી સાંભળવા મળે એ પણ પુણ્યની નિશાની છે. આ એક જંક્શન છે. ચારે ગતિમાં અહીંથી જઈ શકાય છે. ક્યાં જવું છે તેનો નિર્ણય તમારે પોતે કરવાનો છે. તમારા વિષય કષાયોનો વધારો અને કાર્યો દ્વારા તમે પોષી રહ્યા છો. મનના વિચારો સંસાર વધારે છે અને ઘટાડે પણ છે. શું કરવું એ તમારા હાથની વાત છે. પરમાત્માએ તો રસ્તો બતાવી દીધો છે. હવે ચાલવાનું તમારે છે. સંસારથી મુક્ત થવા માટે પ્રયત્ન કરો છો પણ વિષય કષાયોમાં તમે પાગલ અને મોહાંધ બન્યા છો એટલે મોક્ષદ્વાર મળતું નથી. અવસર ચૂકી જશો તો ફરી અહીં મનુષ્યભવમાં આવવા નહીં મળે. જે રહેવાની નથી એનું નામ જવાની. તે પછી ઘડપણ આવશે. જ્ઞાન દૃષ્ટિથી વિચારો કે તમે સંસાર વધારી રહ્યા છો કે ઘટાડી રહ્યા છો ? પરમાત્માની વાણથીમાં પ્રાણીમાત્રનો ઈતિહાસ છુપાયેલો પડ્યો છે. યુવાન અવસ્થા હોય, સત્તા મળી જાય તો પછી એનો નશો બહુ ખરાબ હોય છે. પણ એ બધું ક્ષણિક હોય છે એ સમજ કેળવવાની બહુ જરૂર છે. જીવન બહુ અલ્પ છે. પ્રતિ ક્ષણ આપણું જીવન ઓછું થઈ રહ્યું છે. પાણીના ગ્લાસમાં પતાસું નાંખો અને ઓગળે એટલું આપણું જીવન હોય છે. તમે વાસી પુણ્યનો ઉપયોગ કરી રહ્યા છો. એક દિવસ તમને સળગાવી દેશે અને તમારી ધૂળ રસ્તે રઝળશે. વર્તમાન તમને બહુ પુણ્યથી મળ્યો છે, એનો સુંદર ભવિષ્યનું નિર્માણ કરવામાં ઉપયોગ કરી લો. તમે મનથી દરિદ્ર છો. ચાલીસ વર્ષ સુધી તમે સશક્ત રહો છો, શરીર સાથ આપે છે. તે પછી સાઠ વર્ષ સુધી દુકાન, પરિવાર વગેરેની જવાબદારી તમારા માથે હોય છે. સવારથી સાંજ સુધી મજૂરી કરો છો, કર્મનો માર ખાવ છો અને બળદ જેવું જીવન જીવો છો. સાઠ વર્ષ સુધી દીકરાઓ તમારા કરતાં પણ વધારે હોંશિયાર થઈ ગયા હોય છે, શરીરમાં બીમારી આવે છે. એવી પરિસ્થિતિમાં તમારો પલંગ ઘરની અંદરથી તમારા ઘરના દરવાજા નજીક પહોંચી જાય છે.

દરવાજા નજીક કૂતરો બેસતો હોય છે. જ્યાં સમયસર તમને ખાવા પીવા મળી જાય છે, ત્યાં બીજું કંઈ બોલવાનું નહીં. સમજી ગયા ? આધ્યાત્મિક દૃષ્ટિથી જીવનનો પરિચય કરો. મહેમાન થઈને આવ્યા છો પણ તમારી ચેષ્ટા માલિક જેવી હોય છે. શરીર, સંસાર, પરિવાર વગેરે કંઈ તમારું નથી. બધું કર્મની પાસેથી ઉધાર લીધું છે. અનાદિકાળથી ઉપાર્જન કરેલ કર્મનો ક્ષય કરવાની રીત જાણી લો. વર્તમાન જીવનમાં આવનાર ભવિષ્ય માટે કંઈક કરો. જ્યાંથી સંસારનો જન્મ થયો છે તે મન ઉપર તમારો અધિકાર પ્રાપ્ત કરો. મનને વારંવાર સમજાવવાનો પ્રયત્ન કરો. ભાવના અને ચિંતન દ્વારા મનનું પાગલપણું દૂર કરો. મન બહુ ચંચળ છે. એક ક્ષણમાં તમારી બધી ધર્મ ક્રિયા ક્રોધને કારણે બળી જાય છે. ખાવામાં સ્હેજ ઝેર આવી જાય તો ભયંકર પરિણામો લાવી શકે છે. મનમાં સ્હેજ પણ કષાયની ભાવના આવી જાય તો તે બધી ધર્મ સાધના ખતમ કરી નાંખશે. તમારી ભાવનાને મૂર્છિત કરી નાંખશે. વારંવાર અનિત્ય ભાવનું ચિંતન કરો. આંખથી જે કંઈ જોઈ રહ્યા છો તે બધું નાશવંત છે. એ બધો પુદગલનો પ્રભાવ છે. દરેક ક્ષણે મનને સંસ્કાર આપવા પ્રયત્ન કરો અને પ્રલોભનની માત્રા એ રીતે ઓછી કરો. ભગવાનની આજ્ઞાથી વિપરીત કોઈ કાર્ય કરવું નથી એવો નિયમ લો. બધી ધર્મ ક્રિયા સંસાર ઘટાડવા માટે છે. જન્મનો જ નાશ કરો જેથી મૃત્યુ આવે જ નહીં.

મનની અંદર સ્હેજ પણ દુર્ભાવના આવી જશે તો પાપ કાર્ય કરવા માટે તમે તૈયાર થઈ જશો. અને પછી જો આલોચના લઈ શુધ્ધિ નહીં કરો તો અનાચારનો દોષ લાગશે. તે પછી જ્ઞાનીઓ પણ તમને બચાવી નહીં શકે અને એ રીતે ઉપાર્જન કરેલ કર્મ ભોગવવું જ પડશે. જેવું કાર્ય કરશો તે મુજબ કર્મો તો ભોગવવા જ પડશે. બાલ્યાવસ્થા નિર્દોષ અવસ્થા છે. જ્યાં પાપ બહુ ઓછા થતા હોય છે. બુઢાપામાં પણ પાપ કરવા માટે ઓછા સંજોગો હોય છે. વચ્ચેવાળી યુવાન અવસ્થા બહુ ખરાબ અવસ્થા છે જ્યાં દુનિયાભરના પાપો થઈ જાય છે. આ અવસ્થા બહુ ખરતનાક છે. એમાં સાવધાન રહેવાની બહુ જરૂર છે. કેવળી ભગવંતોની સામે તમે કંઈ જ સહન કરતા નથી. ગુસ્સો કરવાને કારણે બીજાને તો થતાં થશે, તે પહેલાં તમને તો નુકશાન થઈ ચૂક્યું હોય છે. કષાયના ઉપયોગમાં તમે આત્માના ગુણોને નષ્ટ કરી રહ્યા છો. તમારી બધી ઈન્દ્રિયો ઉપર તમારો અધિકાર પ્રાપ્ત કરો. વગર કારણે આત્માને દંડ થાય એવું કોઈ કાર્ય ન કરો. એનાથી તમારો સંસાર વધશે. મઝા તો બધી ઈન્દ્રિયો લઈ જાય છે અને માર ખાય છે તમારો આત્મા. માટે ઈન્દ્રિયોના વિષયોને આશ્રય ન આપો. ધીરે ધીરે તમારા મન ઉપર અને છેવટે તમારી ઈન્દ્રિયો ઉપર અધિકાર પ્રાપ્ત કરો. એને માટે અલગ અલગ નિયમો ધારણ કરો. એને માટે બાળપણથી જ સંસ્કાર પાડવાના હોય. પાપને પાપ તરીકે સ્વીકારો. તમે કોના ઉપકારથી અહીં આવ્યા છો એ અંગે ગંભીરતાથી વિચારો. આજની શાળા અને કૉલેજોનું શિક્ષણ પેટ ભરવાની કળા બતાવે છે પણ જીવન જીવવાની કળા બતાવતા નથી. એ માત્ર ધર્મ જ તમને શીખવે છે. ધર્મક્રિયાનો અર્થ પણ સમજવો જોઈએ. તે પછી ધર્મ ક્રિયા કરવામાં બહુ આનંદ આવશે. એક સમય એવો હતો કે પાપ પુણ્યનો પરિચય પરોપકાર દ્વારા મળતો હતો. માતા-પિતાની નૈતિક ફરજ છે કે બાળકોને સારા સંસ્કાર આપે. ધાર્મિક શિક્ષણ વગર જીવન જીવવાની કળા અને જીવન યાત્રાનો ઈતિહાસ ખબર નહીં પડે. તમે ગમે તેટલું શિક્ષણ પ્રાપ્ત કરો પરંતુ આધ્યાત્મિક જ્ઞાન હશે તો જ ભવ તરવાની કળા શીખી શકશો.

તમારાં બાળકોને તમારા ઘરમાં તમે જ આપણા ઈતિહાસ અને ધર્મનો પરિચય કરાવો તે ઈચ્છનીય છે. બધાને માટે અને પરોપકારમય જીવન જીવો. પાપથી ડરીને જીવો. એવું જીવન હશે તો ક્યારેક પણ પૂર્ણતા પ્રાપ્ત કરી શકશો. કષાયો દૂર કરવા વારંવાર પ્રયત્ન કરો. અનાદિકાળના સંસ્કારોને કારણે તે એકદમ નહીં જાય, પણ ધીરે ધીરે ઓછા થશે. પ્રયત્ન કરવાથી સંસ્કારમાં પણ પરિવર્તન લાવી શકાય છે. ધર્મ ક્રિયાનું રહસ્ય સમજશો તો ધર્મ અને ધર્મી માટે આદરભાવ જાગશે. ધર્મ જ તમને મોક્ષ અપાવનાર છે એ નોંધી રાખવા જેવું છે.



- સંકલન : ચૈતન્ય આર પરીખ